# CRI. INQ. NO. 40/2025

આંક ૦૧ હેઠળ વધુ હુકમ ...

ફરીયાદીની હાલની ફરીયાદ ગુજરાત સરકાર વતી શ્રી જે.એમ. ચોટલીયા, ખેતી અધિકારી, કેશોદ ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી હલકી ગુણવતાવાળું અને ખેડુતોને નુકશાન પહોંચાડે તેવું ખાતર ઉત્પાદન કરી વેંચેલ હોય, ખાતર અકાર્બનીક, કાર્બનીક અથવા મિશ્ર (નિયંત્રણ) હુકમ, ૧૯૮૫ ના ખંડ–૧૯(અ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી આવશ્યક ચીજવસ્તુ અધિનીયમ–૧૯૫૫ ની કલમ – ૭ હેઠળનો ગુન્હો કરેલ હોવા બાબતે અત્રેની કોર્ટમાં દાખલ કરતા સદર ફરીયાદીની ફરીયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૨૩ મુજબ આરોપીઓને સુનાવણીની તક આપવા સારૂ ક્રિમીનલ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો તથા આરોપીઓને નોટીસ કરતો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ, સદર કામના આરોપીઓને નોટીસ કરતા આરોપીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે તા. ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ હાજર થયેલ છે. ત્યારબાદ સદર કામ તા. ૧૨/૦૩/૨૦૨૬ ના રોજ આરોપીઓને સાંભળવા માટે તેમજ વાંધા રજૂ કરવા માટે રાખેલ. તા. ૧૨/૦૩/૨૦૨૬ ના રોજ આરોપી નં. – ૧ હાજર રહેલ છે અને આરોપી નં. ૨ થી ૪ ના હાજર રહેલ ન હોય સદર કામ સાંભળવા માટે આજરોજ રાખવામાં આવેલ. આજરોજ પ્રથમ સીટીંગમાં સદર કામે પોકાર કરતા આરોપી નં. – ૧ હાજર થયેલ છે જયારે અન્ય આરોપીઓ હાજર રહેલ નથી કે તેમના વિ.વ.શ્રી પણ હાજર રહેલ નથી. આરોપી નં. – ૧ તરફે મુદત રીપોર્ટ રજૂ થતા જે નામંજુર કરવામાં આવેલ છે અને આરોપીઓને આજરોજ સદર કામે જે કાંઈ વાંધા હોય તે રજૂ કરવા તથા સુનાવણી કરવા વિ.વ.શ્રીને સાથે લઈ સેકન્ડ સીટીંગમાં હાજર રહેવા જણાવેલ. ત્યારબાદ સેકન્ડ સીટીંગમાં કલાક ૧૬–૪૫ સુધી આરોપી તથા તેમના વિ.વ.શ્રીનો પોકાર કરાવવા છતા હાજર રહેલ નથી કે હાજર રહી સદર ફરીયાદ બાબતે વાંધા લીધેલ નથી. જેથી, આરોપીઓ તરફે કોઈ વાંધા ન હોવાનું માનવાને રહેતું હોય અને આ કામે ફરીયાદની ફરીયાદ તથા ફરીયાદ સાથે રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા આ કામના આરોપી નં. – ૧ તે ખાતર વેંચનાર પેઢી છે અને આરોપી નં. – ૨ તે પેઢીના જવાબદાર વ્યકિત હોવાનું તથા આરોપી નં. – ૩ ખાતરનું ઉત્પાદન કરતી કંપની હોવાનું તથા આરોપી નં. – ૪ તેના જવાબદાર વ્યકિત હોવાનું હાલના તબકકે જણાઈ આવતું હોય અને આ કામના ફરીયાદીએ તા. ૧૯/૦૪/૨૦૨૩ ના રોજ ત્હોમતદાર નં. – ૧ મંડળીમાંથી આરોપી નં. – ૨ ની હાજરીમાં નમુનો લઈ ગાંધીનગર ખાતેની અધિકૃત લેબોરેટરીમાં મોકલી આપતા તા. ૨૩/૦૫/૨૦૨૩ ના રોજ સદર પૃથ્થકરણ અહેવાલ મુજબ આરોપી નં. – ૧ પેઢીનો નમુનો નિયત ધારાધોરણ મુજબનો ન હોવાનું આવેલ હોય અને તે પૃથ્થકરણ અહેવાલથી આરોપી નં. –૩ કંપની સંતુષ્ટ ન હોવાના કારણે તેઓ ધ્વારા ફેર પૃથ્થકરણની માંગણી કરતા રાયપુર ખાતેની લેબોરેટરી ખાતે ફરીથી નમુનો મોકલવામાં આવતા તેમાં પણ નમુનો ધારાધોરણ મુજબનો

ન હોવાનું આવેલ છે. આમ, સદર હકિકતો ધ્યાને લેતા તથા પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં હલકી ગુણવતાવાળું અને ખેડુતોને નુકશાન પહોંચાડે તેવું ખાતરનુ ઉત્પાદન કરી, વેંચાણ કરી ખાતર (અકાર્બનીક, કાર્બનીક અથવા મિશ્ર) (નિયંત્રણ) હુકમ, ૧૯૮૫ ના ખંડ–૧૯(અ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી આવશ્યક ચીજવસ્તુ અધિનીયમ–૧૯૫૫ ની કલમ – ૭ હેઠળનો ગુન્હો કરેલ હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવતું હોય, ફરીયાદીની હાલની ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામના આરોપીઓ વિરૂધ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનીયમ–૧૯૫૫ ની કલમ – ૭ હેઠળના ગુન્હા સબબ પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૭ મી માહે એપ્રીલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

મુ. કેશોદ.

તા. ૧૭/૦૪/૨૦૨૬

(વાલજીભાઈ શામજીભાઈ પટેલ)
એડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
કેશોદ.

**JUDGE CODE GJ**01484